સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

સેના સાથે સંપીને, ઈમરાન રમત રમસે,
કરશે શાંતિની વાતો ન છૂપી રમત રમસે,
ફટાકરસે ચોગ્ગા-છગ્ગા એ જૂઠાં નિવેદનના -
સટ્ટાખોર ચીન સાથે મળી ફિક્સ રમત રમસે...
(હવે ઈમરાનનો દાવ(પેચ) શરૂ)

હાઈકુ

શિકાર પર,
રહેશે પોલીસની -
'બાજ' નજર
(પરંપરાગત)

ગળતો જાય,
ચિનાઈ અજગર -
શાંતિથી સીમા...
(ચૂપચાપ જોયા કરો)

ચિંતન

આરે પારે જો રહા, સીના પીસે સોય,
ખૂંટ પકડકે જો રહે, (તાકો) પીસ સકે ન કોય.

ઉપરોક્ત સાખી કહતકબીરામાંથી લેવામાં આવેલ છે.

કબીર સંસારની માયા અને તેમાં આસક્ત રહેતાં સંસારી જીવોને ઘંટીમાં પીસવા માટે નાખેલાં દાણા સાથે સરખાવતાં કહે છે કે ઘંટીમાં નાંખેલા અનાજનાં જે દાણા ઘંટીના નીચલા પડ પર અહીં તહીં પથરાયેલા રહે છે તે તો પીસાઈને આટો થઈ જાય છે અને અનાજના જે દાણા જે ઘંટીના ખીલ્લાને વળગીને રહે છે તે બચી જાય છે તેને કોઈ પીસી શકતું નથી. એ જ રીતે મનુષ્ય મધ્યબિંદુ રૂપી પરમતત્ત્વ શ્રીરામમાં જ લીન થઈ તેને કાળ છોડતો નથી તે ગમે તેટલા કાળ સુધી માયાની ઘંટી ફરતી રહે તો પણ તેમાં તે પીસાતો નથી અર્થાત તે કાળની પકડમાંથી બચીને મુક્ત જ રહે છે.

કહેવત છે ને રામ રાખે તેને કોણ ચાખે આત્માઓ નો ખીલો - મધ્યબિંદુ 'રામ' છે જીવનનું ધ્યેય - પરમતત્વ - મોક્ષ પણ 'શ્રીરામ' શરણ-ચરણ છે. રામની નજીક રહો રક્ષણ થશે જ.

સુવિચાર

- ખુદા બદલ ન સકા આદમી કો આજ ભી યારોં,
  ઔર અબ તક આદમીને સેંકડો ખુદા બદલે ? - **યુસુફ પટેલ**
- જે કોઈએ ઈલમ પઢ્યો હોય પણ તેના ઉપર અમલ ન કર્યો તે એવા ઈન્સાન જેવો છે કે જેણે બળદ હાંક્યા પણ બીજ ન વાવ્યા - **ફાધર વાલેસ**
- જે મરી શકે છે એને જ મારા લશ્કરમાં જીવવાનો હક્ક છે - **જનરલ મેક આર્થર**
- ધનના લોભિયા માટે કોઈ વડીલ નથી, કોઈ સંબંધી નથી - **પંચતંત્ર**
- કોઈ આપણી દયા ખાય એના કરતા ઈર્ષ્યા કરે એ વધારે સારું - **સુરેશ દલાલ**
- જે માણસે અગ્નિની શોધ કરી હતી એણે જે અગ્નિપરીક્ષામાંથી પસાર તવું પડ્યું હતું - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : અતિવિખની કલી સાથે વાવડીંગ પીસીને પાઉડરને બાળકોને મધ સાથે આપવાથી કૃમિ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ગુરુની સાથે સતત રહેનાર, લુખ્ખું-કોરું ભોજન કરનાર અને જયાં ઊંઘ આવે ત્યાં લંબાવી દેનાર જ સાચો સાધુ ગણાય. સાચા સાધુને સુખ-સુવિધાનો જરાય મોહ હોતો નથી. રાજમાતાના આદેશને નમ્રપણે સાચા સંતના શિષ્ય બન્યા. પહેલે જ દિવસે સંતે તેમને ભિક્ષા લેવા જવાનું કહ્યું. રાજા ખુદ જયારે પ્રજા પાસે ભિક્ષા લેવા ગયા ત્યારે પ્રજાજનો એ છૂટા હાથે તેમને ભિક્ષા આપી. રાજાએ વિચાર્યું. રાજમાતા પાસે પણ ભિક્ષા માટે જેવું. ગોપીચંદને રાજમાતાએ ભિક્ષા ન આપી પણ શિખ આપતા કહ્યું, 'યાદ રાખો યોગી રાજ, હું એક ગૃહસ્થ સ્ત્રી છું અને તમે એક યોગી પુરુષ છો. હું તમને જે કંઈ આપીશ તે તમારી પાસે હંમેશને માટે રહેશે. તો મારી આ ત્રણ વાતો ધ્યાનથી સાંભળજો. પહેલી વાત... રાત્રે મજબૂત કિલ્લામાં રહેજો, બીજી વાત... સ્વાદિષ્ટ ભોજન જ ગ્રહણ કરજો, અને ત્રીજીવાત, નરમ મુલાયમ પથારી પર જ સુઈ જાજો...' ગોપીચંદે રાજમાતાને કહ્યું, 'માતા, તમારા ઉપદેશથી જ તો હું સાધુ બન્યો છું હવે તમે જ મને એવો ઉપદેશ આપો છો કો જે કોઈ રાજાને આપી શકાય, સાધુને નહીં. રાજમાતાએ કહ્યું, 'મજબૂત કિલ્લામાં રહેવાનો અર્થ એ છે કે રાજા જેવા ભોગ-વિલાસમાં નહીં પડીને પોતાના ગુરુની સંગાથે રહેજો. ગુરુની છત્રછાયાથી વધુ કોઈ મજબૂત કિલ્લો હોઈ શકે નહીં. એવા મજબૂત કિલ્લામાં રહેવાથી તમારા મનમાં કુવિચાર ઊગશે નહિં. બીજી વાતનો મર્મ છે કે બહુ થોડું ખાજે અને થોડો ભૂખ્યો રહેજે. તમે જે પણ લુખ્ખું - કોરું ખાશો તે જ તમારા માટે સ્વાદિષ્ટ રહેશે અને ત્રીજી વાત નરમ-મુલાયમ પથારી પર સૂવાનો અર્થ એ છે કે તું રાત-દિવસ જાગતો જ રહેશે, જયાં પણ ઊંઘ આવે ત્યાં સૂઈ જવું ભલે પછી એ જગ્યાએ પથરા હોય, તને ખરેખર ઊંઘ આવતી હશે તો તે પણ તારા માટે નરમ-મુલાયમ બની જશે. સાચો સાધુ એ જ છે કે જેને સુખ-સુવિધાનો મોહ ન હોય. માયા મોહથી દૂર રહેનાર ને જ સાચો મોક્ષ પ્રાપ્ત થાય છે.'' યોગીરાજે રાજમાતાની શિખ પર અમલ કરવાનો દૃઢ નિર્ણય કર્યો.

સરકારની પુનઃ પીછેહઠ

તંત્રીસ્થાનેથી...

એસ.સી., એસ.ટી. કાનૂન અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા સૂચિત સુધારા રદ કરતું વિધેયક ચોમાસું સત્રમાં જ લાવી નરેન્દ્ર મોદી આ બેઉ સમુદાયોમાં પેદા થયેલ આક્રોસ અને અસંતોષ શમાવી દેવા માગે છે. આ કાનૂન હળવો થતાં જ આખા દેશમાં આ બેઉ સમુદાયોમાં ભારે હલચલ મચી ગઈ હતી, એટલું જ નહીં, એ મુદ્દે આગામી દિવસોમાં ભારતબંધનું એલાન પણ અપાઈ ચૂક્યું હતું, મોદી શાસન માટે ચૂંટણી પૂર્વે આ વર્ગોને સાચવી લેવા એ મોટો પડકાર બની ગયેલ છે. અસ્મતાયે આ વર્ગો કોંગ્રેસની વોટબેંક જ ગણાતા રહ્યા છે. એમનામાં વિભાજન કરવાની રણનીતિ ભારતીય જનતા પાર્ટીની થિંકટેન્ક દ્વારા છેલ્લા કેટલાક દાયકાઓમાં વધતા ઓછા અંશે સફળ જરૂર રહી છે પરંતુ આ વર્ગોનો એ પોતાના સમર્થક તરીકે સમાવેશ કરી શકેલ નથી. ગુજરાતમાં દક્ષિણ ગુજરાત કે પૂર્વપટ્ટીના આદિવાસી પટ્ટામાં એને આ વર્ગોનું સારું સમર્થન સાંપડ્યું એમાં ગોધરા પછીની ઘટનાઓ જવાબદાર છે. બંધારણ અનુસૂચિત જાતિના લોકોને તો હિંદુ સમાજમાં સામેલ ગણીને ચાલે છે, પણ જનજાતિને હિંદુ કાયદા-કાનૂન લાગુ પડતા નથી. એમની આગવી જીવનશૈલીને કારણે એ અલગ જ વજૂદ ધરાવે છે. એટ્રોસિટીના કાનૂન મુજબ આ બેઉ વંચિત અને ઉપેક્ષિત સમુદાયોના સભ્યો પર થયેલ અત્યાચારોની પરંપરા જોતાં સીધી જ પોલીસ પ્રક્રિયા કરવાની રહેતી હતી. ફરિયાદ થતાંની સાથે જ કથિક આરોપીની ધરપકડ થતી અને એને બિનજામીનપાત્ર ગુનો ગણી અદાલતમાં જ એનો ફેંસલો થતો. સુપ્રીમ કોર્ટને આ પ્રકારની પ્રક્રિયામાં ન્યાયસંહિતાની અવહેલના વરતાઈ અને એથી આવા અપરાધ વિરુદ્ધની કાર્યવાહી જામીનપાત્ર બનવાઈ હતી. સરકારી અધિકારી સામેની આવી કાર્યવાહી એના વિભાગીય વડાની પરવાનગી પછી કરાય તેવી જોગવાઈ અમલમાં આવી આમ જ હેતુસર કોંગ્રેસ શાસન દરમિયાન આ નબળા વર્ગોના સંરક્ષણ માટેની કડક જોગવાઈ કરતો કાયદો બનાવાયો હતો તે દાંત અને નહોર વગરના વાઘ જેવો બની રહ્યો. આમાં અદાલત સામે પણ આંગળી ચીંધામણું થવા લાગ્યું હતું. કેન્દ્ર સરકારના ઈશારે જ આ કાયદો હળવો બનાવાયો હોવાની માન્યતા વંચિત વર્ગોમાં પવનવેગે ફેલાઈ ગઈ. આની વ્યાપક વિપરીત અસર ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પર થયા વિના નહીં જ રહે એની પ્રતીતિ થતાં કેન્દ્ર સરકારે પારોઠનાં પગલાં ભરી સુપ્રીમના આદેશને રદ કરતું નવું - એટલે હકીકતમાં જૂનું ઓરિજિનલ બિલ - આ સત્રમાં જ પસાર કરાવવાનો સંકલ્પ કરવો પડ્યો છે. દેખીતું છે કે કોંગ્રેસ સહિતના તમામ વિપક્ષો એને સમર્થન આપશે. રામવિલાસ પાસવાન કે નીતીશ કુમાર જેવા એનડીએ સમર્થકો આ મુદ્દે સરકારથી નારાજ હતા, એ પણ સરખા ચાલશે. જો કે મજબૂરીમાં બિલ લાવી રહેલ મોદીને આ બેઉ સમુદાયોનું કેટલું સમર્થન સાંપડશે એ તો સમય જ કહેશે.

એક મહાકવિના સુવિચારો

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

મહાકવિ કાલિદાસ (ઈ.પૂર્વે ૫૬) ની સાત રચનાઓ છે. તેમાં અનેક સ્થળે ચિંતનસભર સૂક્તિઓ પથરાયેલી છે. આમાં વ્યક્ત થયેલા કેટલાક સુવિચારો આ પ્રમાણે છે :

(૧) ગુરુઓ અને વડિલો આજ્ઞા આપે; તેમાં વિચારવાનું હોય નહિ. અમલ કરવીનો હોય.

(૨) સારું પરિણામ આવે, તેનાથી પ્રયત્નનો થાક ઊતરી જાય છે.

(૩) ચક્રની ધરીની જેમ, મનુષ્યની દશા નીચે આવે છે, પણ પછી ઉપર પણ જાય છે.

(૪) સ્ત્રીઓનું ચિત્ત પુષ્પ જેવું એકદમ કોમળ હોય છે.

(૫) કોઈકમાં જ્ઞાન સારું હોય છે, બીજા કોઈમાં અભિવ્યક્તિ સારી હોય છે. પરંતુ જેનામાં જ્ઞાન અને અભિવ્યક્તિ; બંને સારાં હોય છે, એને જ ઉત્તમ શિક્ષક ગણી શકાય.

(૬) જેના માટે પ્રગાઢ સ્નેહ હોય; હંમેશાં એને માટે અનિષ્ટની જ આશંકા જાગે.

(૭) અમને આશ્રમવાસીઓને પણ કન્યાવિદાય વેળાએ આટલી વેદના થતી હોય તો ગૃહસ્થીઓને તો પોતાની તનયાથી છૂટા પડવાની વેદના કેવી પીડા આપતી હશે ?'

(૮) જો ઈશ્વરની જ ઈચ્છા હોય, તો કયારેક ઝેર પણ અમૃત થઈ જાય; અને અમૃત પણ ઝેર.

(૯) ધર્મમાં જેમમે પ્રગતિ સાધી લીધી છે; તેઓમાં વયે લક્ષ્યમાં લેવાતી નથી. ઓછી વય હોય તો પણ માન આપે.

(૧૦) હલકાં માણસ પાસે માગણી સંતોષી શકાય એમ હોય, તો પણ ન કરવી. એના કરતાં સારા માણસ પાસે આપણી માગણી ભલે ન સંતોષાય.

(૧૧) તપાવેલા લોખંડને તપાવેલા લોખંડ સાથે જોડવું, એ જ યોગ્ય ગણાય.

(૧૨) વિરહમાં વ્યાકુળ બન્યો હોય, એનો સ્વભાવ જ એવો નબળો થઈ જાય, કે એ ચેતન અને અચેતનનો ભેદ પારખી ન શકે.

(૧૩) કોઈ ચોક્કસ પ્રયોજન ન હોય, તો મૂરખ માણસ પણ પ્રવૃત્તિ શરૂ ન કરે.

(૧૪) જેનો પોતાનો દેખાવ જ સુંદર છે; એને વસ્ત્ર અને અલંકારના શણગાર શું શોભા વધારવા?

(૧૫) બીજાનું દુઃખ ગમે એટલું મોટું હોય, આપણને એ હળવું જ લાગવાનું - એમ જે કહેવાય છે, એ સાચું જ છે.

(૧૬) આશાનો તંતુ ભલે પુષ્પ જેવો કોમળ હોય, તો પણ એ વિરહમાં બંધ પડી જાય, એવા સ્ત્રીઓમાં હૃદયને ટકાવી રાખે છે.

(૧૭) 'દીકરી ! સાસર વાસમાં વડિલોની સેવા કરજે. તારો પતિ ગુસ્સામાં તારું અપમાન કરી નાખે, તો એ જ વખતે સામી ન થઈશ.'

(૧૮) શિરીષનું પુષ્પ ભ્રમરનું કોમળ પગલું સહન કરી શકે, મોટા પક્ષીનાં પગલાંને નહિ.

(૧૯) મેઘનું પ્રથમ દર્શન થાય, ત્યારે સુખીજન પણ સહેજ વ્યાકુળ થાય, તો પછી ઉત્કર પ્રેમ વાળું પ્રિયજન દૂર હોય, તો વાત જ શી કરવી?

(૨૦) ઉદ્ધતાઈનો સદંતર અભાવ - આ જ પરાક્રમીઓનું આભૂષણ છે.

(૨૧) જૂનું છે એ બદું સારું જ છે - એવું નથી 'નવું છે, એકદોષ' વાળું છે - એવું નથી. સારા લોકો બરોબર ચકાસીને પછી સ્વીકારે છે. મૂરખ લોકો બીજાની માન્યતાથી દોરવાઈ જતા હોય છે.

આ બધા વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત છે.

કઈ સંસ્કૃતિને માનવ સંસ્કૃતિનું પારણું કહે છે ?

વિશ્વનો ઈતિહાસ

૧ યુરોપમાં નવજાગૃતિનો પ્રારંભ સૌપ્રથમ ઈટલીના કયા શહેરથી શરૂ થયો હતો?
(અ) રૉમ (બ) પીઝા
(ક) ફલોરેન્સ (ડ) વેનીસ

૨ કયા દેશ પરનું આક્રમણ નેપોલિયનના પતનનું કારણ બન્યું ?
(અ) જર્મની (બ) ઈટલી
(ક) પોર્ટુગલ (ડ) રશિયા

૩ ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિની શરુઆત કયા ઉદ્યોગમાં થઈ હતી ?
(અ) સ્ટીલ ઉદ્યોગ (બ) કાપડ ઉદ્યોગ
(ક) ઓટોમોબાઈલ ઉદ્યોગ (ડ) વિદ્યુત ઉત્પાદન

૪ ૧૯૧૧માં ચીનમાં થયેલ ક્રાંતિના મુખ્ય નેતા કોણ હતા?
(અ) ડૉ. સુનાયત સેન (બ) માઓત્સે - તુંગ
(ક) હ્યુઆન સેન (ડ) લાઓત્સે

૫ કઈ સંસ્કૃતિને માનવ સંસ્કૃતિનું પારણું કહે છે ?
(અ) મોહેન-જો-દરો (બ) નાઈલની સંસ્કૃતિ
(ક) રોમન સંસ્કૃતિ (ડ) ગ્રીસ સંસ્કૃતિ

૬ ધર્મયુદ્ધો કોની વચ્ચે થયાં હતાં ?
(અ) હિન્દુ - મુસ્લિમ (બ) યહૂદી - મુસ્લિમ
(ક) બૌધ - યહૂદી (ડ) ખ્રિસ્તીઓ - મુસ્લિમો

૭ સમુદ્ર માર્ગથી સમગ્ર વિશ્વની પ્રદક્ષિણા કરનાર પ્રથમ વ્યક્તિ કોણ હતો ?
(અ) કોલંબસ (બ) વાસ્કો - ડી - ગામા
(ક) સિંદબાદ (ડ) મેગેલિન

૮ ફ્યુહરર શબ્દ કોના માટે વપરાય છે?
(અ) સિકંદર (બ) નેપોલિયન
(ક) હિટલર (ડ) સેલ્યુકસ નિકોટર

૯ લાઈટ ઑફ એશિયા તરીકે કોણ ઓળખાય છે ?
(અ) મહાવીર સ્વામી (બ) ગુરુ ગોવિંદસિંહ
(ક) મહંમદ પયંગબર (ડ) ગૌતમ બુદ્ધ

૧૦ વ્લાદિમીર ઈલિક ઉત્યાનોવ કોનું મૂળ નામ છે ?
(અ) નેપોલિયન (બ) પોરસ
(ક) લેનિન (ડ) મુસોલિન

૧૧ રશિયન ક્રાંતિમાં ક્રાંતિકારી વિચારોની ભૂમિકા અદા કરવામાં કયા લેખકનું યોગદાન નથી ?
(અ) ટોલ્સ્તોય (બ) ગોર્કી
(ક) દોસ્તોવસ્કી (ડ) રૂસો

૧૨ રોમન સાંસ્કૃતિક વારસાને સમૃદ્ધ કરનાર મહાકવિનું નામ શું છે ?
(અ) હેરોડેટ્સ (બ) વર્જિલ
(ક) મહાત્મા લાઓત્સે (ડ) હમ્બુરાબી

૧૩ સમાનતા, સ્વતંત્રતા અને બંધુતા કઈ ક્રાંતિનો નારો છે ?
(અ) ફ્રાન્સ ક્રાંતિ (બ) રશિયન ક્રાંતિ
(ક) અમેરિકન (ડ) ચીનની ક્રાંતિ

૧૪ નેપોલિયન બોનાપાર્ટ સાથે સંકળાયેલ વૉટર લૂનું યુદ્ધ કયા દેશનું લડાયું હતું ?
(અ) લકઝમ્બર (બ) જર્મની
(ક) ફ્રાન્સ (ડ) બેલ્જિયમ

૧૫ ભારતનો છેલ્લો રાજપૂત રાજા કોણ હતા ?
(અ) મહારાણા પ્રતાપ (બ) પૃથ્વીરાજ ચૌહાણ
(ક) ઉદયસિંહ (ડ) ભાનુસિંહ

ખજાનો
અનિલ પટેલ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ

- **૩ ઓગસ્ટ :**
- શેર શાયરી અને ગઝલના સર્જક શકીલ બદાયુનીનો જન્મ દિવસ (૧૯૧૬)
- ઈંગ્લેન્ડના પ્રખ્યાત વૈજ્ઞાનિક રિચર્ડ આર્ક રાઈટનું નિધન (૧૭૯૨)
- બ્રિટીશ સૈન્યએ ગ્વાલીયરના કિલ્લા પર કબ્જો મેળવ્યો (૧૭૮૦)
- ત્રિભુવનદાસ ક. ગજ્જરની જન્મજયંતિ (૧૮૮૬)
- પુરુષોત્તમ ગ. માવલેકરની જન્મજયંતિ (૧૯૨૮)
- **૪ ઓગસ્ટ :** (આંતરરાષ્ટ્રીય મૈત્રી દિવસ)
- પાર્શ્વગાયક કિશોરકુમારનો જન્મદિવસ (૧૯૨૯)
- સાહિત્યકાર ક્રિશ્ચિન એન્ડરસનનું નિધન (૧૮૭૫)
- ભારતનું પ્રથમ અણુ રીએક્ટર અપ્સરાનું લોકાર્પણ (૧૯૮૬)
- સર ફિરોઝશાહ મહેતાની જન્મજયંતિ (૧૮૪૫)
- ચંદ્ર પર પગ મૂકનાર નીલ આર્મસ્ટ્રોંગની જન્મજયંતિ (૧૯૩૦)
- **૫ ઓગસ્ટ :**
- દત્તોપંત વામન ખાતેદાર 'દાદા સાહેબ' નો જન્મ દિવસ (૧૮૮૦)
- અમેરિકન એકટ્રેસ અને મોડેલ મેરીલીન મનરોનો જન્મદિવસ (૧૯૬૨)
- અમેરિકા - રશિયા - બ્રિટને પરમાણુ પરીક્ષામાં પર પ્રતિબંધ મુકવા કરાર કર્યો (૧૯૬૩)
- લીલી શેઠ હિમાચલ પ્રદેશ હાઈકોર્ટની પ્રથમ મહિલા મુખ્ય ન્યાયાધીશ બન્યા (૧૯૯૧)
- અભિનેત્રી કાજોલ દેવગણનો જન્મદિવસ (૧૯૭૪)
- બીબી દ્વારા રેડિયો પ્રસારણ સેવા શરુ થઈ (૧૯૪૯)
- **૬ ઓગસ્ટ :** (વિશ્વ શાંતિ દિવસ / હીરોશીમા દિવસ)
- સુરેન્દ્રનાથ બેનરજીનું નિધન (૧૯૨૫)
- અમેરિકાએ જાપાનનો હિરોશીમા શહેર પર અણુબોમ્બ નાખ્યો (૧૯૪૫)
- એલેકઝાન્ડર ફલેમીંગની જન્મજયંતિ (૧૮૦૯)
- સાહિત્યકાર ડૉ. ચંદ્રકાન્ત મહેતાનો જન્મ (૧૯૩૯)
- ભારતના મહાન પુરાતત્ત્વવિદ રાજા રાજેન્દ્રલાલ મિત્રની પુણ્યતિથી (૧૯૯૧)
- **૭ ઓગસ્ટ**
- ભારતી ચિત્રકાર અવનીન્દ્રનાથ ટાગોરનો જન્મદિવસ (૧૮૭૧)
- ગુરુદેવ રવિન્દ્રનાથની પુણ્યતિથિ (૧૯૪૧)
- કોંગ્રેસે આઝાદીની ચળવળમાં વિદેશી વસ્તુનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો (૧૯૦૫)
- નિબંધકાર અને સાહિત્યકાર ભોળાભાઈ પટેલની જન્મજયંતિ (૧૯૩૪)
- નવલરામ લક્ષ્મીશંકર પંડ્યાની પુણ્યતિથિ (૧૮૮૮)
- **૮ ઓગસ્ટ :** (સંસ્કૃત દિવસ)
- સંગીત ગાયિકા સિદ્ધેશ્વરી દેવીનો જન્મ દિવસ (૧૯૦૮)
- સાહિત્યકાર મગનભાઈ પટેલ (પતીલ) નો જન્મદિવસ (૧૯૦૬)
- અમૃતલાલ યાજ્ઞિકની જન્મજયંતિ (૧૯૧૩)
- વિશ્વ વિખ્યાત વોરસોવ રેડિયો ટાવર ધરાશયી થયો (૧૯૯૧)
- **૯ ઓગસ્ટ :** (વિશ્વ આદિવાસી દિન / ભારત છોડો દિન / નાગાસાકી દિન)
- ભારતાંલાઈબ્રેરી યુગનુંનિર્માણ કરનાર ડૉ. શિયાલીરામામૃત રંગનાથનનોજન્મદિવસ (૧૮૯૨)
- ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈનો જન્મદિવસ (૧૯૧૫)
- તુલસીદાસમની પુણ્યતિથિ (૧૬૨૪)
- ઈટલીમાં પિઝાના ટાવરનું બાંધકામ શરુ થયું (૧૧૭૩)
- ગાંધીજીએ મુંબઈથી અંગ્રેજો 'ભારત છોડો' આંદોલન શરુ કર્યું (૧૯૪૨)
- અમેરિકાએ નાગાસકી પર બીજો અણુબોમ્બ ફેંક્યો (૧૯૪૫)

ગત સપ્તાહના સવાલનો જવાબ

બહાર રાજયના ઉપમુખ્યમંત્રી કોણ છે? જવાબ : સુશીલકુમાર મોદી

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૪) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૭) મહેશ એમ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૮) શિવાંગ બી પટેલ : સરગાસણ (૯) શૈલેષ એચ પટેલ : ધોળેશ્વર પાસે

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

ડૉ. વિક્રમ સારાભાઈ જન્મજયંતિ કયા દિવસે ઉજવાય છે?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

નાસ્તિ મોહ સમો રિપુ

રંગ-ઉમંગ
કાનન ઓઝા

કામ એટલો મોટો વ્યાધિ છે કે તે કેવી રીતે જીતાય તેને માટે મોટા મોટા યોગીઓએ કહ્યું છે કે, એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર.' જેમ રાજાને જીતવાની તેનું સમસ્ત રાજય જીતાય છે, તેમ કામ જીતતાં તેની પાછળના તમામ વિકારો જીતાય છે. કામ જીત્યો છે તેવાં પાત્રો ઘણાં છે. શુકદેવજીએ પુરાણા સમયમાં, તો આજના જમાનામાં ગંગાસતી અને પાનબાઈ તેનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. એક લીટી દોરી હોય તેને અડ્યા વગર નાની કરવી હોય તો તેની બાજુમાં એક મોટી લીટી દોરવી પડે. તે જ રીતે કામની લીટીને નાની કરવા ભક્તિનીની મોટી લીટી તેની પાસે દોરાય તો કામ સુખ એ ભક્તિ આગળ અલ્પ લાગશે. દુઃખ બનીને તે માણસને પીડી નહિ શકે.

લોકો કહે છે. ઓછું ખાવાથી કામ જાય છે. પણ એવું થયું હોય તેવું દેખાતું નથી. આખી રાત ભજન ગાવાથી પણ કામ નથી જતો. પણ જો અંદરથી ભજન ફૂટે તો કામ જાય છે. મીરાં ગાતી નહોતી તેનામાંથી ભજન ફૂટતું હતું. તે નાચતી નહોતી તેના પગ ગીરધરમય બનીને થીરકતા હતા. તેની ભક્તિનાં પૂરમાં તણાઈ જતો હતો. કામ-પૂર્તિ માટે અર્થ - પ્રાપ્ત અનિવાર્ય છે. અર્થ-પ્રાપ્તિ, સાધન-પ્રાપ્તિ પાછળ સાધુ-સન્યાસીઓ પણ દોડે છે. તે દોટને કામના કહેવાય છે. એ જરૂરિયાત પૂરતું તો બરાબર છે. પણ કામવાસના માટે વિજાતીય પાત્ર જોઈએ. માણસ સુખ માટે વિજાતીય પાત્ર પાસે જાય છે. પણ તેમાંથી તેને સુખ નથી મળતું. થોડીક અનુકૂળ જિંદગી. આ વાતને સમ્યગ રીતે નહિ સમજનાર માણસને સાધનામાં મોટામાં મોટો અવરોધ કામના અને કામવાસનાનો રહે છે. કામ જેવો મોટો દુશ્મન બીજો કોઈ નથી.

રિપુ એટલે દુશ્મન, માણસને દુઃખી કરે, પરેશાન કરે, લોહી પીએ, બરબાદ કરે તે શત્રુ છે. માણસ માને છે કે તેના શત્રુઓ બહાર છે પણ 'શત્રુ બહાર નહિ પણ અંદર છે. વ્યક્તિ, સમજી સંયોગો તમારું અનિષ્ટ ન કરી શકે છતાં એમને તમે દુશ્મનગણો તો પણ તે થોડા સમય પૂરતા જ તમારા શત્રુ છે. માણસને ગુસ્સો કરવો હોય તો નિમિત કોઈ પણ બની શકે પણ એ દુશ્મન થોડા સમય પૂરતો જ છે. કાયમી નથી હોતો.' મોહ પદાર્થ, વ્યક્તિ, સંયોગ અને પરિસ્થિતિ સાથે થઈ શકે. મોહ પોતાની સાથે પીડાને લાવે છે. દેશમાં કોઈ જગ્યાએ હોનારત થાય તો તેનું દુઃખ આપણને થાય ખરું, પણ જો એ હોનારતમાં આપણો કોઈ સંબંધી હોય તો વધુ દુઃખ થાય છે એ જ છે.

મોહ, મોહના કારણે વળગણ થાય છે. મોહ પીડા ઊભી કરે છે.

જનક રાજા હોવા છતાં, મોહ-મુક્ત હતા, વિદેહી હતા. એ મોર મુક્તિ સાધ્ય કરી આપે તે સાધન 'ધ્યાન, આપણને અનુકૂળ નથી આવતું વેદાંતી એ ચર્ચા તો અદ્વૈતની કરે, વેદાંતની કરે પણ પછી ચલમ પીએ, અને કહે, 'આ ચલમ, ગંડાકુ, અગ્નિ અને પીનારો એ તમામ બ્રહ્મ છે. પરિણામે યોગ્ય અવસ્થા તે પ્રાપ્ત ન કરી શકે. કરતા હોય તે સાધના છૂટી જાય તે પ્રાપ્ત ન કરી શકે. કરતાં હોય તે સાધના છૂટી જાય તેવું બને છે. જેટલો મોહ તેટલું દુઃખ મોહ ઓછો તો ઓછું દુઃખ, મોહ વધુ તો વધુ દુઃખ. મોહને આ રીતે ઓળકી લેવો જેવો છે. સાધનાના કોઈ પણ ગ્રંથમાં મોહને ઓળખીને મોહ-મુક્ત થવાના ઉપાયો જ બતાવ્યા છે.'

ગીતાના ૭૦૦ શ્લોકો સુધી અર્જુન શ્રીકૃષ્ણને પૂછતો જ ગયો, પૂછતો જ ગયો. પણ પછી તેણે શસ્ત્રો હેઠે મૂક્યા અને તે ભગવાનના શરણમાં ગયો, એણે કહ્યું : ભગવાન, હવે મારામાંથી મોહ ગયો. હું હવે તમારો થયો હવે તમે કહેશો તેમજ કરીશ. તમારું આજ્ઞા પાલન અખંડ પણે કરીશ.' ખૂબી જૂઓ, જ્ઞાનની આટલી બધી વાતો સાંભળીને અર્જુને એમ ન કહ્યું કે, 'મને જ્ઞાન થયું, હું પંડિત થયો છું.' પણ તેમણે કહ્યું, 'મારો મોહ ગયો, કેમ કે મને સ્મૃતિ થઈ હું ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા છું, હું એમાં કરી ગયો, સ્થિર બની ગયો, મારી ચંચળતા હવે નષ્ટ થઈ ગઈ.'

સંસારનો મૂળ આધાર મોહ છે. સાધનાની પ્રત્યેક ક્રિયા, વિચાર, સાધન એ મોહ-મુક્ત થવા માટે છે. દુશ્મન તો અંદર જ બેઠેલો છે. બહાર જે દુશ્મન દેખાય છે તે તો પેલા અંદર બેઠેલા દુશ્મન 'મોહ' ના કારણે દેખાતો ભ્રમ છે.